# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૨/74 તારીખ: 30.11.2022

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

શ્રી મનુભા સામતજી જાડેજા

મુ.પો. વમોટીનાની

તાલુકો અબડાસા

મોબાઇલ નંબર:- ૯૯૦૯૭૨૯૯૨૨

વિષય :-કેસ નંબર પીજી ૦૨/૦૦૩/૨૦૨૨-૨૩

સંદર્ભ :- આપની અરજીનોંધણી નં. પીજી ૦૨/૦૦૩/૨૦૨૨-૨૩

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, નખતાણા

૨. નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, નખતાણા

........ **ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને** લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૨

તા. / /૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો:૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-003-2022-23

**અમરબા મનુભા જાડેજા વતી**
**મનુભા સામતજી જાડેજા**
ગામ-વમોટી નાની , તા:- અબડાસા , જી :-કચ્છ..............**અરજદાર.**

વિરુધ્ધ

**કાર્યપાલક ઈજનેરશ્રી,**
પીજીવીસીએલ વિભાગીય કચેરી, નખત્રાણા -કચ્છ ...........**સામાવાળા.**

બાબત:- ખોટી જગ્યાએ કનેક્શન રીલીઝ થવા અંગે...

**અરજદાર તરફે** :- મનુભા સામતજી જાડેજા
**સામેવાળાના તરફે** :- શ્રી એચ.પી. રાઠોડ(કાર્યપાલક ઇજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, નખત્રાણા.

**કોરમ: (૧) શ્રી બી.પી.બૂચ - ચેરપર્સન**
**(૨) શ્રી આર.જી.કુંપાવત - સ્વતંત્ર મેમ્બર**
**(૩) શ્રી પી.સી.કાલરીયા - મેમ્બર ટેક**

**સુનાવણી સ્થળ:-** કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ
તા.: ૦૧/૧૧/૨૦૨૨

## ઠરાવ

(૧) અરજદારશ્રી અમરબા મનુભા જાડેજા – ગામ -વમોટી નાની – નખત્રાણા પેટા વિભાગીય કચેરી-નખત્રાણા વિભાગીય કચેરી,પીજીવીસીએલ કચેરીનુ ખેતીવાડીનું વિજ કનેક્શન ધરાવે છે.

અરજદારશ્રી અમરબા મનુભા જાડેજા વતી મનુભા સામતજી જાડેજા જણાવે છે કે ગામ -વમોટી નાનીના સર્વે નં ૫૬/૧ પૈકી ૧માં ખેતીવાડીનું વિજ જોડાણ મેળવવા માટે તેઓએ નખત્રાણા પેટા વિભાગીય કચેરી-નખત્રાણા વિભાગીય કચેરી,પીજીવીસીએલ કચેરીએ અરજી જે અન્વયે તેઓને સદર જગ્યાએ વીજ જોડાણ આપવામાં આવેલ.

અરજદાર શ્રીના જણાવ્યા મુજબ સદર જગ્યાએ વીજ જોડાણ ચાલુ થયા બાદ એકપણ વીજબીલ મળેલ નથી .અરજદાર શ્રી જણાવ્યા મુજબ તેઓના નામે ગ્રાહક નંબર ૮૬૧૪૪/૧૦૦૪૩/૧થી ગામ અરલનાની નું રૂ.૬૮૯૮-/નું વીજબીલ બાકીનો દાવો દવા નં.૪૯/૨૦૨૧થી નખત્રાણા પેટા વિભાગીય કચેરી દ્વારા દાખલ કરવામાં આવેલ છે.

અરજદાર શ્રીના જણાવ્યા મુજબ તેઓશ્રીનું ખેતીવાડીનું વિજ જોડાણ ગામ -વમોટી નાનીમાં છે તે પણ હાલ નોનયુઝ છે.અને જેનું આજદીન સુધી કોઇપણ બીલ આપવામાં આવેલ નથી પરંતુ નખત્રાણા પેટા વિભાગીય કચેરી દ્વારા નાની અરલ ખાતે વીજ કનેકશન દર્શાવીને રૂ.૬૮૯૮-/દાવો દાખલ કરવામાં આવેલ છે.

આમ, અરજદારશ્રીએ તેઓશ્રીનું ખેતીવાડીનું વિજ જોડાણ ગામ -વમોટી નાનીમાં છે તે લેઝર પર ચાલુ કરવા તેમજ તેઓની સામે કરવામાં આવેલ ખોટી રકમનો દાવો રદ કરવા માટે યોગ્ય ન્યાય આપવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

(૨) પીજીવીસીએલ તરફથી એવી રજૂઆત છે કે, અરજદાર ફરિયાદી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા દ્વારા તા.૧૮.૧૨.૨૦૦૯ ના રોજ ભાવપત્રક ભરીને ૫ હોર્સપાવરના ખેતીવાડી હેતુ માં ઉપયોગ કરવા માટે તા.૧૨.૦૧.૨૦૧૦ ના રોજ કંપની સાથે કરાર કરેલ હતું. કે જે પણ મીનીમમ ચાર્જ થશે તે નિયમિત ભરશે એવું કરાર માં સ્પષ્ટ ઉલ્લેખ છે આમ છતાં પણ તેમના દ્વારા આજ દિન સુધી ૧૦ વર્ષ માં એક વખત પણ બીલ ભરપાઇ કરેલ નથી.

અરજદાર ફરિયાદી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા ને વીજ ગ્રાહક નંબર થી 86144100431 વીજ કનેકશન આપવામાં આવેલ હતું. જે વીજ કનેકશન તેમની નાની વમોટી માં સર્વે નંબર ૫૬/૧ માં તા.૦૧.૧૧.૨૦૧૨ ના રોજ ચાલુ કરી આપવામાં આવેલ હતું.

અરજદાર ફરિયાદી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા ની ફરિયાદ છે કે ગામ નાની વમોટી ના બદલે નાની અરલ ગામ ના વિલેજ કોડ અપાયેલ છે અને નાની વમોટીના બદલે નાની અરલ માં વીજ બીલ જતું હોવાથી તેમને મળેલ નથી. સદર બાબત તદન ખોટી અને ઉપજાવેલી છે.
નાની અરલ ના વિલેજ કોડ હોવાને કારણે ગ્રાહક ને બીલ નથી મળતું તે વાત તદન ખોટી છે. આ સાથે સામેલ કન્ઝુમર ચેન્જ હિસ્ટ્રી જોતા. તા.૦૭-૦૯-૨૦૧૩ ના રોજ થી જ અરલ ગામની બુક માં આવતું વીજ બીલ ટ્રાન્સફર કરી ને નાની વમોટી ના ગામ ની બુક માં નાખવા માં આવેલ છે. ત્યારબાદ વધારે નજીક કરવા માટે તા.૨૦.૦૧.૨૦૧૪ અને તા.૦૪.૦૧.૨૦૧૮ ના રોજ ફરીથી રુટકોડ બદલી ને એક દમ જ્યાં નજીક પડે તે વીજ કનેકશન ની પાસે જ બીલ ગોઠવામાં આવેલ છે.અરજદાર ફરિયાદી શ્રી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા ની સાથે બીજા પણ વીજ બીલો છે જે બાજુ બાજુ માં અથવા નજીક છે. અથવા એજ ગામના બીજા વીજ બીલો આપવામાં આવે છે તે જ બીલ બુક માં તેમનો વીજ બીલ ગોઠવવામાં આવલ છે. જે વર્ષ માર્ચ-૨૦૧૯ ની માસ્ટર ફાઇલ માંથી એકથી કરેલી ગ્રાહકોની યાદી આ સાથે સામેલ રખાયેલ છે.

અરજદાર ગ્રાહક શ્રી ખુબ માથાભારે હોઇ ક્યારે પણ વીજ બીલ ભરેલ નથી. અને કંપની સાથે કરેલ કરાર નો સખત ઉલ્લંઘન કરેલ છે. તેમજ જયારે જયારે તેમના વીજ સ્થળ પર ડીશ કનેકશન કરવા માટે મોકલવામાં આવેલ છે ત્યારે ત્યારે તેમના દ્વારા ડીશ કનેકશન કરવા દીધેલ નથી.
હાલે પણ તા, ૧૭-૦૯-૨૦૨૨ ના રોજ કચેરીના કર્મચારીઓ દ્વારા તેમના વીજ સ્થળ ની મુલાકાત કરવામાં આવેલ ત્યારે પણ તેમના દ્વારા માથાકૂટ કરવામાં આવેલ હતી. અને વીજ મીટર ઉતારવા આપેલ નથી. હજુ સુધી વીજ મીટર તેમના કબ્જા ભોગવટા માં છે.

અરજદાર ફરિયાદી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા ની ફરિયાદ અન્વયે આપને જણાવવાનું કે તા.૦૬.૦૧.૨૦૨૦ ના રોજ કંપનીના પેનલ એડવોકેટ દ્વારા દાવો દાખલ કરતા પહેલા નોટીસ ની બજવણી કરવામાં આવેલ હતી. જે તેમના દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આમ છતાં પણ તેમના દ્વારા ક્યારે પણ કચેરી એ આવી ને બીલ બાબતે ફરિયાદ કરેલ નથી. એડવોકેટ નોટીસ અને તેની પહોંચ આ સાથે સામેલ છે.

અરજદાર ફરિયાદી શ્રી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા ની ફરિયાદ બાબતે જાણવાનું કે તેમના વીજ સ્થળ પર દર બે માસે પીડી થયું ત્યાં સુધી બીલ આપવામાં આવતું હતું. વિલેજ કોડ ને આ બીલ ન મળવા બાબતે કોઇ જ લેવા દેવા નથી.

અરજદાર ફરિયાદી શ્રી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા ની અગાઉ પીડી સુધી ની કુલ લેણી રકમ રૂ.૯૪૫૫.૮૦ ભરપાઇ ન કર્યે થી તા. ૩૦.૦૭.૨૦૧૯ ના રોજ જે.વી.ન.૧૭ જુલાઇ-૨૦૧૯ થી તેમની ડીપોઝીટ રૂ.૪૨૦૦.૦૦ એરીઅર્સ ખાતે મજરે મેળવેલ છે.

અરજદાર ફરિયાદી શ્રી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા ની વિરુદ્ધ નામદાર શ્રી પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબ, નલિયા કોર્ટ માં રૂ.૬૮૯૮.૫૨ વસુલ કરવા માટે ૪૯/૨૦૨૧ થી દાવો દાખલ કરવામાં આવેલ છે.

અરજદાર ફરિયાદી શ્રી શ્રી અમરબા મનુભા જાડેજા C/o મનુભા સામતજી જાડેજા ને જો હવે ફરીથી કનેક્શન ચાલુ કરવું હોય તો તમામ બાકી રહી ગયલ એરીઅર્સ વ્યાજ સહીત તેમજ કોર્ટ માં કરાયેલ દાવા ખર્ચ ની રકમ સહીત ભરપાઇ કર્યા પછી રી-કનેક્શન અથવા નવું ખેતીવાડી ના કનેક્શન ની અરજી કરી શકે છે.

આમ,સદર અરજદાર ફરિયાદી શ્રી દ્વારા કરવામાં આવેલ ફરિયાદ તદન ખોટી અને બે-બુનિયાદ છે. તેમજ સદર અરજદાર ગ્રાહક વિરુદ્ધ નામદાર શ્રી પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબ, નલિયા કોર્ટ માં રૂ.૬૮૯૮.૫૨ વસુલ કરવા માટે ૪૯/૨૦૨૧ થી દાવો દાખલ કરવામાં આવેલ છે. જે આજ દિન ની તારીખે પેન્ડીંગ છે. જે આપની જાણ તેમજ આગળ ની કાર્યવાહી સારુ.

(૩) બન્ને પક્ષકારોની લેખિત અને મૌખિક રજૂઆત જોતાં અત્રેનું ફોરમ એવા નિર્ણય પર આવે છે કે સદરહુ ખેતીવાડી કનેક્શન અરજદારની અરજી મુજબ આપવામાં આવેલ છે. પરંતુ વિલેજ કોડ પીજીવીસીએલ દ્વારા નાની વમોટીની જગ્યાએ નાની અરલમાં ગ્રાહક નંબર જનરેટ થયેલ હોવાથી સદરહુ અરજદારને બિલ મળેલ નથી અને હાલે સદરહુ અરજદારની સામે કુલ ૬૮૯૮.૫૨નું બાકી લેણું હોવાથી પીજીવીસીએલ દ્વારા દાવા નંબર ૪૯/૨૦૨૧થી દિવાની દાવો દાખલ કરવામાં આવેલ છે. આમ ફોરમ અધિનિયમ ૨/૨૦૧૯ની કલમ ૨.૩૩ મુજબ સદરહુ બાબત અરજદાર અને પીજીવીસીએલ વચ્ચે નામદાર કોર્ટમાં પેન્ડીંગ હોવાથી અત્રેનું ફોરમ આ કેસ ચલાવી શકે નહી. આમ અરજદારની અરજી રદ કરવામાં આવે છે.

-: હુકમ:-

અરજદારની અરજી નો નિકાલ કરવામાં આવે છે.
ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.
આ હુકમ આજ તા. ૦૧/૧૧ ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

| (આર.જી.કુંપાવત) | (પી.સી.કાલરીયા) | (બી.પી.બૂચ) |
|---|---|---|
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

**ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.**

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ- ૩૦ માં વિધ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિધ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો- ૨૦૧૧ જાહેરનામાં નં.૦૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબીતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિધ્યુત લોકપાલની કચેરી , જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ રાજકોટ ૩૬૦૦૦૧